**Gujarat Samachar Pg 7, 7th April 2022**

# ટેસ્લાના સીઈઓ એલન મસ્કના સમર્થનનેકારણે ડોઝકોઈનમાં ૬ ટકાની વૃદ્ધિ

મુંબઈ તા.૬ : યુક્રેનમાં હજી યુદ્ધ બંધ થયું નથી ત્યાં અમેરિકામાં ફેડરલ રિઝર્વ સાવચેતીભર્યુ વલણ અપનાવશે એવા અંદાજને પગલે ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ઘસારો જોવા મળ્યો હતો. બિટકોઈન ફરી એક વાર ૪૪૦૦૦ ડોલર નજીક ઉતરી ગયા છે.

## આઈસી ૧૫ ઈન્ડેક્સ ૨,૩૮૮ પોઈન્ટ ઘટ્યો

ફેડરલ રિઝર્વે યોજેલા વેબિનારમાં ગવર્નર લાએલ બ્રેનાર્ડે કહ્યું હતું કે કેન્દ્રીય બત્ન્કે ફુગાવાને કાબૂમાં રાખવા માટે વ્યાજદરમાં વધારો કરતાં જવું પડશે.

ક્રીપ્ટોકરન્સી માર્કેટ ફરી એક વાર અમેરિકન ઈક્વિટી માર્કેટને અનુસરી રહી છે. ઈક્વિટીમાં ઘટાડો થવાને પગલે ક્રીપ્ટોમાં પણ કડાકો બોલાયો છે. માર્કેટ કેપિટલાઈઝેશનની દૃષ્ટિએ સૌથી મોટી ક્રીપ્ટોકરન્સી-બિટકોઈનનો ભાવ ચોવીસ કલાકના ગાળામાં ત્રણેક ટકા તટીને ૪૫.૩૦૦ ડોલરની નજીક પહોંચી ગયો છે. ઈથેરિયમ પણ પાંચ ટકાના ઘટાડા સાથે ૩,૩૦૦ ડોલર કરતાં થોડો વધારે છે.

ટેસ્લાના સીઈઓ એલન મસ્કના સમર્થનને કારણે એકમાત્ર ડોઝકોઈનમાં વૃદ્ધિ જોવા મળી છે, જે ૬ ટકા વધી ગયો છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ-આઈસી૧૫ બુધવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૩.૪૦ ટકા (૨,૩૮૮ પોઈન્ટ) ઘટીને ૬૭,૭૦૯ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૭૦,૦૯૮ ખૂલીને ૭૦,૨૨૫ સુધીની ઉપલી અને ૬૭,૦૭૪ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.